પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં આધ્યાત્મિક પ્રવચનો પ્રસિદ્ધ કરતું દૈનિક.

# શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ



પ્રસાદ નં.
૩૫૫
માસિક લવાજમ (સંપાદક [illegible]): વીર નિ. સં. ૨૪૮૧ આસો વદ [illegible]
વાર્ષિક [illegible] સોનગઢ તા. ૧-૧૧-૫૫ [illegible]
(બીજા ભાદરવા સુદ ૫, તા. ૨૧-૯-૫૫)
૪૦૦૯
(પ્ર. ૫ ૨૦૧૭)

## શ્રી ધર્મભાવના

## ઉત્તમ ક્ષમાધર્મ

## ચારિત્રના દસ ધર્મો દસ લક્ષણધર્મ તરીકે ઉજવાય છે.

આ દસલક્ષણી પર્વનો પહેલો દિવસ છે. આત્માનો ચારિત્ર ધર્મ છે. ચારિત્ર મુક્તિનું કારણ છે. પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા થવી, તે ચારિત્ર છે. દસલક્ષણ પર્વ અનાદિથી છે. આત્મામાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ, તે મોક્ષ છે. મોક્ષનું સાક્ષાત કારણ ચારિત્ર છે. વીતરાગ ભાવરૂપ ચારિત્રના દસ પ્રકાર - ઉત્તમ ક્ષમાદિ છે. તેના દસ દિવસ ધાર્મિક ઉત્સવથી ઉજવવામાં આવે છે. મુનિના દસ પ્રકારના ધર્મ છે. ચારિત્ર મોક્ષનું કારણ છે. બાર માસમાં માહ, ચૈત્ર અને ભાદરવામાં મળી, ત્રણ વખત દસલક્ષણ પર્વ આવે છે. પણ ભાદ્રપદમાં એની ઉજવણી વિશિષ્ટ થાય છે. ભાદ્રપદ શુદ ૫ થી શુદ ૧૪, એ દસ દિવસની પર્યુષણ તરીકે ખૂબ પ્રસિદ્ધિ છે. ચારિત્રની પ્રતીતિ બેઠી છે કે હું આત્મા શુદ્ધ ચિદાનંદ છું. ક્ષણિક પર્યાયમાં વિકાર થાય છે, તે હું નથી. શરીર હું નથી. એકલા નિર્વિકાર જ્ઞાયકનાં આલંબનથી જ ધર્મ છે, એવા શુદ્ધ જ્ઞાનની પ્રતીતિવાળાને અલ્પકાળમાં ચારિત્રરૂપી સંપત્તિ આવ્યા વિના રહે જ નહિ. કુંદકુંદઆચાર્યે બાર અનુપ્રેક્ષા વિષે ધર્મભાવનામાં ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મની દસ ગાથા કહી છે. તેમાંથી ક્રમે ક્રમે થોડું થોડું લેવામાં આવશે. પ્રથમ ગાથા - ૭૦ લેવાય છે. →

—૪૦૧૦— (प्र-प्र.१०१८)

. ગાથા - ૭૦.

उत्तमक्षमामार्दवार्जवसत्यशौचं च संयमः चैव ।
तपस्त्यागः आकिंचन्यं ब्रह्म इति दशविधं भवति ॥७०॥

અર્થઃ- ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય - એ દશ ભેદ મુનિધર્મના છે. ૭૦.

કુંદકુંદાચાર્યે ૧૨ પ્રકારની ભાવના બનાવી છે. તેમાં એક એક ગાથા લીધી છે.

- ગાથા - ૭૧ -

क्रोधोत्पत्तेः पुनः बहिरंगं यदि भवेत् साक्षात् ।
न करोति किंचिदपि क्रोधं तस्य क्षमा भवति धर्म इति ॥

અર્થઃ- ક્રોધ ઉત્પન્ન થવાને સાક્ષાત બાહ્ય કારણ મળવા છતાં જે અલ્પ પણ ક્રોધ નથી કરતો, તેને ઉત્તમ ક્ષમા - ધર્મ થાય છે. ૭૧.

<u>સ્વભાવની રૂચિ છોડી પુણ્યની રૂચિ કરવી તે અનંતાનુબંધી ક્રોધ છે, તેને ક્ષમા હોતી નથી.</u>

ઉત્તમ ક્ષમાધર્મ કોને કહે છે? એકલી ક્ષમાની વાત નથી. ઉત્તમ ક્ષમા કહેલ છે. દ્રવ્યલિંગી મુનિ થઈ બે માસ ઉપવાસ કર્યા ને શરીર ખંડખંડ કરવા છતાં ક્રોધ ન કરે, તે ઉત્તમ ક્ષમા નથી. શુદ્ધાત્માને આશ્રયે જ ધર્મ છે. આત્મા આનંદકંદ છે. તેની રૂચિ છોડી દયા-દાનાદિના શુભ રાગની રૂચિ થાય છે, તેને આત્મા પ્રત્યે અણગમો અથવા ક્રોધ છે.

"મુનિવ્રતધાર અનંતવાર ગ્રૈવેક ઉપજાયો;
પૈ નિજ આતમ જ્ઞાન વિના સુખ લેશ ન પાયો."

ધર્મના નામે નિરતિચાર વ્રતાદિના શુભ ભાવ કરીને તેના ફળમાં નવ ગ્રૈવેક અનંતવાર ગયેલ છે. શરીરના ટૂકડા કરી બાળી નાખે, છતાં ક્રોધ ન કરે, પણ તે ધર્મ નથી. અંતર શુદ્ધચિદાનંદ છે, તેની રૂચિ નહિ કરતા પુણ્ય કે શુભભાવની રૂચિ કરવી, તે આત્માની અરૂચિ એટલે કે અનંતાનુબંધીનો ક્રોધ છે. આ આત્મા એક સમયમાં ચિદાનંદ શુદ્ધ છે. દયા-દાન-વ્રતભક્તિની રૂચિ છોડી ચિદાનંદ સ્વભાવની રૂચિ ન કરી, પણ વ્યવહાર કરતા કરતા કલ્યાણ થશે, શુભ રાગથી કલ્યાણ થશે, એવી પુણ્યની રૂચિ તે અનંતાનુબંધી ક્રોધ છે. જ્ઞાતાદૃષ્ટા રૂપ ચૈતન્યસ્વભાવનો વેરી છે, ને મિથ્યાત્વ તથા વિભાવનો મિત્ર છે. દીગંબર સાધુ થયેલ છે. ૨૮ મૂલગુણ પાલન કરે છે. પ્રાણ જાય, છતાં ઉદ્દેશીક આહાર ન લે, છતાં ધર્મ નથી. કષાયમંદતાથી સમ્યગ્દર્શન થશે, શુભરાગથી સમ્યગ્દર્શન થશે, એમ માને છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એમ નહીં માનતા શુભરાગથી સમ્યગ્દર્શન થશે, તેથી રાગની રૂચિ અને જ્ઞાતાની અરૂચિ છે, તેજ અનંતાનુબંધી

ક્રોધ છે. નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર ધર્મ મોક્ષનું કારણ છે. ઉત્તમ ક્ષમાદિ વીતરાગ ચારિત્રનાં જ ભેદ છે. રાગની મંદતા ને નિમિત્તની અનુકૂળતાથી લાભ થશે એમ માનવાથી સ્વભાવથી મૈત્રી ન થઈ અને પરદ્રવ્યથી મૈત્રી કરી. આત્મા અખંડ આનંદ સ્વભાવ છે. તે નિશ્ચય અને વ્યવહાર ને રાગ કરવાથી ધર્મ થશે, એ અમારો વ્યવહાર એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

## પ્રતિકૂળતા વખતે સ્વભાવના ભાનપૂર્વક ક્રોધ ન થવા દેવો ને શાંતિ પ્રગટ કરવી, તે જ ઉત્તમ ક્ષમાધર્મ છે.

ભગવાન કુંદકુંદાચાર્ય દેવે ઉત્તમ ક્ષમા- ચારિત્ર ધર્મ કોને કહ્યો છે? ક્રોધની ઉત્પત્તિ થવાના સાક્ષાત કારણ મળવાં છતાં અલ્પ ક્રોધ કરતો નથી. કોણ કરે નહિ? હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા માત્ર સ્વભાવ છું, એમાં ક્રોધ નથી. આમ, સ્વભાવનો આશ્રય લઈને અનંત પ્રતિકૂળતા વખતે પણ ક્રોધની ઉત્પત્તિ કરતો નથી. તે ઉત્તમ ક્ષમા છે. ક્રોધની ઉત્પત્તિ થાય ને ક્રોધને રોકવો, તે ક્ષમા નથી. જે ક્રોધ થયો, તેને રોકવો શો? બીજે સમયે ક્રોધપર્યાય નાશ થાય જ છે. તેને ક્યાં રોકવો? રાગના લક્ષે કે પર્યાયના લક્ષે રાગ ટળતો નથી. પણ જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ જામી ગઈ છે, ને અંતર સ્થિરતા છે. પ્રતિકૂળ નિમિત્ત ઉપર નજર નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિરતા જામી છે, તેથી ક્રોધની ઉત્પત્તિ નથી. અતીન્દ્રિય શાંતિ- આનંદ ઉત્પન્ન થાય છે. જેટલા અંશે વીતરાગતા, તેટલા અંશે ઉત્તમ ક્ષમા છે. ત્યાં શુભ રાગ ને વ્યવહાર ક્ષમા કહેવાય છે. અનાદિ સનાતન પંથમાં દશલક્ષણપર્વની ઉજવણી થાય છે, તે આત્મામાં ઉજવણી થાય છે. સાક્ષાત કારણ મળે, ઘાણીમાં પીલે, તલવારથી છેદે, છતાં ય ક્રોધની ઉત્પત્તિ ન થાય, ક્ષમા નહિ મારામાં ક્રોધનો અંશ નથી, હું શાંતિનો ભંડાર છું, એવી પ્રતીતિ ને સ્થિરતાવાળાને ક્રોધની ઉત્પત્તિ થતી નથી. તે ઉત્તમ ક્ષમાધર્મ

કોઈ કહે કે ક્રોધ આવ્યો, તેનો બીજે સમયે નાશ કર્યો; પણ આ માન્યતા ભ્રમ છે. કારણ કે જે સમયે ક્રોધ થયો, તે સમયે તે નાશ થતો નથી. અને બીજે સમયે તે સ્વયં નાશ પામે છે. તેમાં તેં શું કર્યું? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન કરે ને અનંત પ્રતિકૂળતા હો. ક્ષુધા તૃષા લાગે, એ વખતે અક્ષમાની ઉત્પત્તિ ન થવી, અંતર શાંતિની ઉત્પત્તિ થવી તે ઉત્તમ ક્ષમાધર્મ છે. આજથી પર્યુષણ પર્વ શરુ થાય છે. અલ્પ પણ ક્રોધ

ન થવા દેવો, એનો અર્થ એ છે, કે આત્મામાં અકષાય શાંતિ ભરી છે, તેનું ભાન હોવું જોઈએ. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, સાચા દેવાદિ તથા સ્વ-પરનું ભેદજ્ઞાન શું છે, તેની ખબર નથી ને બહારના સંયમ પાળવાથી સમકીત થશે, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. તેને ઉત્તમ ક્ષમાધર્મ હોતો નથી.

સંપ્રદાયમાં આ દસે દિવસ તત્ત્વાર્થસૂત્રનું વાચન થાય છે, પણ તે રૂઢિ મુજબ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન એ સૂત્રનો બરાબર મર્મ સમજે, તો સંસારનો પાર આવે. સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ વીતરાગભાવપણે જ છે. સરાગપણે નથી, એ પ્રથમ નક્કી થવું જોઈએ. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ: મિથ્યા અભિપ્રાયરહિત આ સાત તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. પણ જેને સાત તત્ત્વની, તેમાં હેય ઉપાદેયની ખબર નથી, તે તત્ત્વાર્થસૂત્ર સાંભળે તો શા કામનું? સાત તત્ત્વમાં હું જ્ઞાયક છું, મારામાં અવસ્થાની નબળાઈથી રાગ થાય છે, તેને સર્વથા હેય માનીને જ્ઞાન-સ્વભાવ સન્મુખ થઈને રાગને સ્વભાવથી જુદો જાણે, તો જ્ઞાનનું જ્ઞેય થાય છે. રાગ હેય છે — આસ્રવ છે. તેથી તેની મુખ્યતા ન રહી. સ્વભાવ તરફ એકતાની મુખ્યતા છે. શરીર, કર્મ અજીવ તત્ત્વ છે. દયા-દાન હિંસા આદિ પુણ્ય પાપ થાય છે, તે આસ્રવ તત્ત્વ છે. મલિનતામાં રોકાય તે બંધ તત્ત્વ છે. જીવને જીવ, અજીવને અજીવ અને આસ્રવને આસ્રવ જ જાણવા. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતાં સંવર, નિર્જરા થાય છે. પૂર્ણ એકાગ્ર થતાં મોક્ષ થાય છે. આમ, સાત તત્ત્વની શ્રદ્ધા થાય છે.

~ o ~

(બીજા ભાદરવા વદ ૬, તા. ૨૨-૯-૫૫)

## ઉત્તમ માર્દવ ધર્મ

આ દસલક્ષણી પર્વનો બીજો દિવસ છે. માર્દવ એટલે નિર્માનતા. તે ચારિત્રનો ભેદ છે. સંતોએ માર્દવ કેમ થાય છે, તે ધર્મ મુક્તિનું કારણ છે. બાર ભાવનામાં ધર્મ અનુપ્રેક્ષા છે. બીજો માર્દવ ધર્મનું શું સ્વરૂપ છે અને તે કોને થાય છે, તે કહે છે.

कुलरूपजातिबुद्धिषु तपः श्रुतशीलेषु गौरवं किञ्चित् ।
यः नैव करोति श्रमणो मार्दवधर्मो भवति तस्य ॥७२॥

અર્થ:- જે શ્રમણ કુળ, રૂપ, જાતિ, બુદ્ધિ, તપ, શાસ્ત્ર, શીલ આદિ (ઋદ્ધિ) ના વિષયમાં કિંચિત પણ મદ (ઘમંડ) કરતો નથી, તેને માર્દવ ધર્મ છે. ૭૨.

## આત્માનું ભાન કરી, પુણ્ય તથા જાતિ આદિનું અભિમાન છોડી, લીનતા કરવી તે માર્દવધર્મ છે.

કુલઃ- અહીં ચારિત્રવંત મુનિની મુખ્યતાથી વાત છે. પિતાના પક્ષને અહીં કુલ કહે છે. દેહદૃષ્ટિથી જુદો હું ચૈતન્ય સ્વભાવી છું, એવી દૃષ્ટિ થઈ, તેને કર્મના ફળ કે કુલનું અભિમાન નથી. જેને કુળનું અભિમાન છે, તેને આત્માની દૃઢતા નથી. હું ચૈતન્ય આનંદકંદ છું, એવી દૃઢતામાં કિંચિત્ પણ અભિમાન ઉત્પન્ન ન થવું, એવી શાંતિસહિત નિર્માનતા દશા ઉત્પન્ન થવી, તે માર્દવધર્મ છે. સાધારણ માન ન કરે તેની વાત નથી. એવી કષાયમંદતા ઘણીવાર કરી. અનંતવાર નવમી ગ્રૈવેયક-સ્વર્ગમાં ગયો, પણ શુદ્ધ ચિદાનંદ સ્વભાવની દૃઢતા છોડી પુણ્યનું અભિમાન કરવું તે મિથ્યાત્વ છે. શુભરાગથી મને સમ્યક્ જ્ઞાન-ચારિત્ર થશે, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. રાગ ધર્મનું કારણ છે, એમ માનનારને પુણ્યનું અભિમાન છે. પુણ્યનો મહિમા છોડ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. તીર્થંકર ભગવાન જે પંથે ચાલ્યા, એવા મોક્ષમાર્ગરૂપ આત્માનો પંથ, તે જ મારું કુળ છે. હું અશરીરી સિદ્ધ પરમાત્માની જાતનો છું. આમ, સ્વભાવના ભાન દ્વારા અંતરાત્મામાં એકાગ્રતાની સીડી ચડવી, તે માર્દવધર્મ છે.

(૨) રૂપઃ- જ્ઞાનાનંદ સ્વભાવની દૃઢતાના અભિમાન કરી, પરપદાર્થના સંયોગરૂપ શરીરના રૂપનું અભિમાન ન કરવું. તે ચિદાનંદની મહિમામાં લીનતારૂપ માર્દવપણું પ્રગટ કરવું, તે ધર્મ છે.

(૩) જાતિઃ- અમારી માતા કરોડપતિની દીકરી છે, એવું અભિમાન ધર્માત્માને નથી. સિદ્ધની જાતિ, તે મારી જાતિ છે. શરીરની જાતિનું અભિમાન કરે, તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ જાતિનું અભિમાન કદી કરતો નથી. શરીરની ઉત્પત્તિમાં આ માતા નિમિત્ત છે, એમ જાણે; પણ પરની જાતનું અભિમાન ન કરે.

(૪) બુદ્ધિઃ- પોતાની પર્યાયમાં ક્ષયોપશમરૂપ જ્ઞાનનો ખૂબ વિકાસ થયો, તે પરસન્મુખ બુદ્ધિમાં વકીલપણાનો, ઝવેરાતની કળાપણાનો ઉઘાડ દેખાય, તેનું અભિમાન કરે, તે મિથ્યાદૃષ્ટિ છે. પરપદાર્થને જાણવાનો વિકાસ મૂળ સ્વરૂપ નથી. મારો સ્વભાવ તો સર્વજ્ઞ છે. જેઓ સર્વજ્ઞ થયા છે, તે અંતર સ્વભાવમાંથી થયા છે. ક્ષયોપશમભાવમાંથી સર્વજ્ઞ થયા નથી. દેહ, મન, વાણીની ક્રિયા કે રાગની મંદતાથી સર્વજ્ઞ નથી થયા. સંસારને જાણવાના વિકાસમાંથી કે શાસ્ત્રને જાણવાના વિકાસમાંથી સર્વજ્ઞ થયા નથી. શાસ્ત્રના જાણપણાનું અભિમાન કરનારને સર્વજ્ઞ શક્તિનો ભરોસો નથી.

તેને માર્દવધર્મ નથી. તે મિથ્યાદૃષ્ટિ છે. મારો સ્વભાવ સર્વજ્ઞ છે, તે સર્વજ્ઞના અવલંબને પ્રગટ કરવા માગું છું. પણ પૂર્ણતા ન થાય, ત્યાં સુધી પામરતા છે. ધર્માત્મા નવ પૂર્વ, ૧૧ અંગજ્ઞાન જેટલું જ્ઞાન કરે, તો પણ તેનું અભિમાન કરતો નથી. જે શક્તિ અંતરમાં પૂર્ણ છે, તેનો વિકાસ થાય છે. સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિને અનુભવથી જ સર્વજ્ઞ થાય છે. એવું જાણતો ધર્મી જ્ઞાનના ઉઘાડનો મદ થવા દેતો નથી.

(૫) તપ :- હું બાર બાર મહિનાના તપ કરું છું. એવું અભિમાન ધર્મીને નથી. અંતર આનંદકંદ સ્વભાવમાં લીન થઈ, નિર્મળ ધ્યાન પ્રગટ કરવું. તે તપ છે. તત્ત્વાર્થસૂત્રમાં તપસા નિર્જરા કહેલ છે. બાહ્ય ઉપવાસ તપ નથી. અંતર આત્મામાં એકાગ્ર થતા શુભાશુભ ઇચ્છા ઉત્પન્ન ન થવી, તે તપ છે. બાહ્યતપના અભિમાનવાળાને અંતરતપની ખબર નથી. અંતર આત્મામાં લીન થઈ શુદ્ધિની વૃદ્ધિ થાય, તે તપ. માર્દવધર્મ છે.

શાસ્ત્રના જ્ઞાન કરી અભિમાન કરે છે, તેને સર્વજ્ઞ થવાની લાયકાતની ખબર નથી. આત્મા પોતે પરમાત્મા થાય છે. વિકાર ને અલ્પજ્ઞતાની હેયબુદ્ધિ કરી પૂર્ણ સ્વભાવની ઉપાદેય બુદ્ધિ થતાં માર્દવધર્મ થાય છે. શીલ આદિ ઋદ્ધિના વિષયમાં કિંચિત પણ ઘમંડ કરતો નથી. હું સંઘનો નાયક છું, સંઘપતિ છું, હું આચાર્ય છું, એવું અભિમાન સમ્યગ્દૃષ્ટિને નથી. હું સર્વજ્ઞ થવાને લાયક છું, એથી બાહ્યમાં અભિમાન હોતું નથી. આમ જે કિંચિત અભિમાન કરતો નથી, તેને માર્દવ ધર્મ છે. પુણ્ય ને સંયોગનું શરણ લઈ પોતાની અધિકતા બતાવવી, તે અભિમાન છે. અકષાય જ્ઞાતાભાવ આત્માના ભાનસહિત અંતર લીનતા કરે, તે માર્દવધર્મ છે.

—o—

## — ઉત્તમ આર્જવધર્મ —

(પ્રથમ ભાદ્રપદ સુદિ ૭. ૨૩-૮-૫૫)

આજે આર્જવધર્મની વ્યાખ્યા કરે છે. આર્જવ ચારિત્ર ધર્મનો ભેદ છે. ચારિત્ર સાક્ષાત મુક્તિનું કારણ છે.

मुक्त्वा कुटिलभावं निर्मलहृदयेन चरति यः श्रमणः।
आर्जवधर्मः तृतीयः तस्य तु संभवति नियमेन ॥७३॥

અર્થ :- જે શ્રમણ કુટિલભાવ (માયા વિગેરે) ને છોડી, નિર્મળ હૃદયથી ચારિત્ર-પાલન કરે છે, તેને નિશ્ચયે ત્રીજો આર્જવ ધર્મ સંભવે છે. ૭૩.

—૭૦૧૫—(પ્ર.પ્ર.૧૦૨૩)

## આત્મા સરલ સ્વભાવીના આશ્રયે પુણ્યથી લાભ માનવાની વક્રતા છોડવી, તે 'આર્જવ ધર્મ' છે.

પ્રથમ મિથ્યાદર્શન શલ્યરૂપી કુટિલતાનો આત્મામાંથી ત્યાગ કરવો. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે. પુણ્યથી ને સંયોગથી લાભ માનવો, ને શાસ્ત્રમાંથી એવો અર્થ કાઢવો, તે કુટિલતા છે. પ્રથમ કષાયમંદતા કરો. તેમ કરતાં કરતાં સત્ય સમજાઈ જશે. પ્રથમ સત્ય સમજવાની વાત છૂપાવી અર્થ કરવો, તે અનંતાનુબંધી માયા છે. આત્મા સીધો, સરલ, જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેના અવલંબનથી તેની પ્રાપ્તિ થાય છે. તેમાં આડ મારવી, વક્રતા કરવી, તે માયા છે. આત્મા ચૈતન્ય મૂર્તિસ્વરૂપ છે. જ્ઞાનથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેમ અર્થ ન કરતાં રાગથી લાભ માનવાનો અર્થ કરવો, તે અનંતાનુબંધી માયા છે. અનંતાનુબંધી માયાનો અભાવ થાય, તેને આર્જવધર્મ થાય છે. તે કેવી રીતે થાય? રાગ વિરૂદ્ધભાવ છે. તેનાથી કદિ પણ આત્માને લાભ નથી થતો. એવી સરલતા તે આર્જવ ધર્મ. પ્રથમ સરલતા કોને કહેવી? આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવની છેતરવાની વાત છે. લોકમાં, માયા-કપટમાં બીજાને છેતરવાની વાત કરે છે. અહીં પ્રથમ પોતાના આત્માને છેતરવાની - આર્જવ ધર્મની વાત ચાલે છે. રાગથી લાભ માને, તે આત્માને છેતરે છે. તો કુટિલભાવને છોડી નિર્મળ હૃદય કરવું. આત્મા જ્ઞાનમૂર્તિ છે, નિર્વિકાર સ્વભાવ છે એવા પોતાના સ્વરૂપમાં રહે છે, તે આર્જવધર્મ છે. કુટિલભાવનો ત્યાગ પણ નાસ્તિથી કથન છે. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું, એવી દૃષ્ટિ કરનારને કુટિલભાવનો ત્યાગ થાય છે. પણ ઉપદેશના વાક્યમાં કુટિલભાવનો ત્યાગ કરો, એમ આવે છે. આ કુટિલ ભાવનો ત્યાગ રાગથી થતો નથી.

ભવી-અભવીની શંકા અનંતાનુબંધી માયા છે. તેને આર્જવ ધર્મ હોતો નથી. અસ્તિસ્વભાવ જ્ઞાયક માત્ર છું, એવા અવલંબનથી થાય છે.

આત્માના આનંદસ્વભાવને પકડે તો રાગથી લાભ માનવાની વક્રતા નાશ પામે છે. આત્મામાં ત્રિકાળી સ્વભાવમાં અને સ્વભાવની રૂચિમાં ભવનો અભાવ છે, એવો નિર્ણય નહીં કરતાં મારામાં ભવ છે, એવી શંકા કરવી, તે અનંતાનુબંધી માયા છે. ભવ ને ભવનો ભાવ મારા સ્વભાવમાં નથી. એવી દૃષ્ટિ કરતાં અનંતાનુબંધી માયાનો અભાવ થાય છે. સમ્યગ્દર્શન થયા પછી

અસ્થિરતાની માયા આદિના રાગ ન રહે, ને સ્વરૂપમાં લીનતા રહે, તે મુનિના આર્જવધર્મ છે. બાહ્યની સરલતા જીવે ઘણી વાર કરી છે. તે પુણ્યભાવ છે. તે નિશ્ચયથી અધર્મ જ છે. રાગરહિત ચૈતન્ય બિંબ જ્ઞાનાનંદ છું, એવી દૃષ્ટિ કરી નિર્મળતા કરવી, તે જ આર્જવ ધર્મ છે. હું ભવી હઈશ કે અભવી એવી શંકા તે અનંતાનુબંધી માયા છે. બાહ્યમાં સાધુ ને શ્રાવક નામ ધરાવે, અંતરમાં ભવી-અભવીની શંકા છે, તે અનંતાનુબંધી માયા છે. મારા સ્વભાવમાં ભવ નથી, તો પછી અનંતભવ ક્યાંથી આવ્યા? હું જ્ઞાનસ્વભાવી છું, એવી નિઃશંક ભાવવાળાને ભવી-અભવીની શંકા હોતી નથી. વ્રતધારક થઈને જે કહે કે હું અભવી કે અનંત સંસારી હઈશ, તેને ધર્મનું ભાન નથી. પાંચમા છઠ્ઠા ગુણસ્થાનકે નિઃશલ્યો વ્રતી કહેલ છે. તે ત્રણે પ્રકારના શલ્યરહિત છે. કેવળી ભગવાને મારા ભવ દીઠા હશે તો? ભાઈ, કેવળીભગવાનની સ્તુતિ કરનાર કેવો હોય તે સમયસાર ગાથા-૩૧ માં કહ્યું છેઃ— દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઈન્દ્રિયના વિષયોથી અધિક અને પૂર્ણ જ્ઞાનસ્વભાવી છું, એમ અનુભવથી પ્રતીતિ કરી, તેણે જ કેવળી ભગવાનની સ્તુતિ કરી છે. તે નિઃશંકપણે કહે છે, કે કેવળજ્ઞાનીના જ્ઞાનમાં તેના ભવ છે જ નહિ.

## ચિદાનંદ સ્વભાવમાં ભવ નથી, છતાં જે માને, તેણે ચૈતન્યરાજાનો મોટો ગુનો કર્યો છે.

જેમ રાજમહેલમાં મુખ્ય વસ્તુની ચોરી કરનારને મોટી સજા થાય છે, તેમ આત્માના ચિદાનંદ રાજા નિત્યસ્વરૂપ-પ્રત્યક્ષપણે બિરાજી રહ્યો છે. તેમાં અનંત ભવની શંકા કરવી, તે અનંત સંસારનો મોટો ગુનો છે. અહો! દ્રવ્યસ્વભાવમાં ભવ અને વિકારનો પ્રવેશ નથી, છતાં ભવ ને વિકારનો પ્રવેશ માને, તેને મોટી સજા છે. મિથ્યાત્વનું ફળ નિગોદ છે. વસ્ત્ર પાત્ર રાખી મુનિ માને-મનાવે, સંમત થાય, તે મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જશે. અષ્ટપાહુડમાં આ વાત લખી છે. નિગોદમાં શાથી જશે? કે વસ્ત્ર રાખીને મુનિપણું માને, તે મિથ્યાદૃષ્ટિ છે. તત્ત્વના તીવ્ર વિરોધનું ફળ એકેન્દ્રિય નિગોદદશા છે. વસ્ત્રસહિત મુનિપદ માનનારે ચારિત્રની દશા કઈ છે, તેનું ભાન નથી. સ્વ-દ્રવ્યમાં ઉગ્ર-એકાગ્રતાના બળથી રાગ છૂટી જતાં વસ્ત્રનો સંબંધ રહે, એમ કદી ન બને. વસ્ત્રાદિ ગૃહસ્થદશામાં હોય છે, છતાં મુનિદશામાં પણ વસ્ત્ર-પાત્ર માને તો તત્ત્વનો તીવ્ર વિરોધ છે, તેથી નિગોદમાં રહે

તો ઉત્કૃષ્ટ કાળ અર્ધો પુદ્ગલ પરાવર્તન સુધી રહે છે. તે થોડો હોય નથી. કેમ કે આત્માનો સનાતન સ્વભાવનો અનાદર કર્યો છે. જે માયા-કપટની વૃત્તિ રહેતી હોય, ભવી-આળવીની શંકા રહેલી, તે માયા છે. અકષાય સ્વભાવના લક્ષે માયાના ભાવ છોડી સ્વભાવમાં જાગૃત રહેવું, તે આર્જવ ધર્મ છે.

~ ૦ ~

## શ્રી સત્યધર્મ

(બીજા ભાદરવા સુદિ ૮, તા. ૨૪-૯-૫૫)

આજે ચોથા ધર્મ- સત્યધર્મનો દિવસ છે.

परसंतापककारणवचनं मुक्त्वा स्व-परहितवचनम्।
यः वदति भिक्षुः तुरीयः तस्य तु धर्मः भवति सत्यम्॥७४॥

અર્થ:- જે મુનિ અન્યને ક્લેશકારક વચનો (કહેવાનું) છોડી સ્વ-પરને હિતકર વચન કહે છે, તેમને ચોથો 'સત્ય ધર્મ' થાય છે. ૭૪.

<u>આત્મા સત્ય ભાષા બોલી શકતો નથી; એવા સત્-સ્વરૂપ આત્માની શ્રદ્ધા ને લીનતા કરે, તે 'સત્ય ધર્મ' છે.</u>

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, કે પર સાથે ક્લેશકારક વચનો કહેવાનું છોડી સ્વ-પરને હિતકર વચન કહે છે, તે સત્ય ધર્મ છે. બોલવું, તે જડની ક્રિયા છે. ~~આત્મા~~ બોલી શકતો નથી. સત્ય બોલવાનો ભાવ શુભ રાગ-પુણ્ય છે, ધર્મ નથી. આત્મા શુદ્ધ ~~સિદ્ધ સમાન~~ અનંત જેવો નિર્મલ છે. એવા ભાનપૂર્વક અંતર એકાગ્રતા કરે ને વિકલ્પ ઊઠે, તો સ્વ-પર હિતવચન બોલે, તે સત્યધર્મ છે. હું સત્ય ભાષા બોલી શકું છું, એમ માનનાર અજીવને જીવ માને છે. તે મિથ્યાદૃષ્ટિ છે. તેને ધર્મ થતો નથી. સત્ય બોલવાનો ભાવ પુણ્ય-તત્ત્વ છે સંવર નિર્જરા ધર્મતત્ત્વ છે. વૃત્તિ ઊઠે, તે પુણ્ય છે. અજીવ ને વિકલ્પથી ભિન્ન જાણવું. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું, એમ રુચિ કરી લીનતા કરવી, તે સત્ય ધર્મ છે. અનંત કાળથી વાસ્તવિક તત્ત્વ સાંભળવામાં આવ્યું નથી. અનંત કાળથી અમારા તથા તમારા આત્માનું સ્વરૂપ શું છે, તે તારા સાંભળવામાં આવ્યું નથી. સમવસરણમાં ગયો, પણ વાણી તથા શુભરાગથી સમ્યગ્દર્શન થશે, એવી રુચિથી સાંભળેલ છે. તેથી તેણે ખરેખર સાંભળેલ નથી. વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ માનવાથી સમ્યગ્દર્શન થતું નથી. હું જ્ઞાયક તત્ત્વ છું. શરીર, મન, વાણી ભિન્ન છે. જે વૃત્તિ ઊઠે છે, તેનાથી લાભ નથી. હું જ્ઞાનસ્વરૂપ છું, એવી રુચિ તે સમ્યક્-દર્શન છે. સમજણ કરવી ને પરિણમન કરવું.

— જ્યોત — (પ્ર.પ્ર. ૧૦૨૬)

રાગ-પુણ્ય ત્રિકાળ સ્વરૂપમાં નથી. હું સચ્ચિદાનંદ સ્વરૂપું પરમ ભાવ છું. એવી દ્રષ્ટિ કરી, શાંતિ પ્રગટ કરવી, તે સત્યધર્મ છે. સત્યધર્મ ચારિત્ર છે. તે સમ્યગ્દર્શન વિના ન થાય. સમ્યગ્દર્શન આવી દ્રષ્ટિ વિના ન થાય. અત્યારે અજ્ઞાની લોકો તત્ત્વમાં બીજાની ખતવણી કરે છે. મુનિ સ્વ-પર હિતવચન બોલે છે. સ્વનું હિત કેમ થાય? રાગથી જુદા પાડી નિર્વિકલ્પ શાંતિમાં રહે છે, તે સત્યધર્મ છે. ને સ્વ-હિત છે.

<u>સત્ય સ્વરૂપના ભાન વિના મહાવ્રતાદિ ખૂબ પાળ્યા.</u>

સત્ય ને જૂઠાના ભાન કર્યાં વિના વિવેક થતો નથી. પંડિત દૌલતરામજી કહે છે, કે "મુનિવ્રતધાર, અનંતવાર ગ્રૈવેક ઉપજાયો; પૈ આત્મજ્ઞાન વિના સુખ લેશ ન પાયો." આત્મજ્ઞાન વિના સુખ ન પામ્યો. દિગંબર સાધુ થયો, ૨૮ મૂળગુણ પાળ્યા, શુક્લ લેશ્યા ધારી, ખંડખંડ શરીરના ટૂકડા થયાં છતાં ય ક્રોધ ન કર્યો. આગમ અનુસાર પ્રરૂપણા કરી છે. નવમી ગ્રૈવેક જનાર કોણ હોય? શુક્લ લેશ્યાવાળો જાય છે. શુક્લ લેશ્યા અભવીને પણ હોય છે. નિર્દોષ આહાર પાણી લે; હજારો રાણીનો ત્યાગ કરે, નિર્દોષ ક્રિયાકાંડ કરે છે, પણ અભ્યંતર દ્રષ્ટિ રાગ ઉપર છે. રાગથી ધર્મ માને છે, તેથી મિથ્યાદ્રષ્ટિ રહે છે. નવમી ગ્રૈવેક શુક્લ લેશ્યાવાળો જાય છે. ભવી-અભવી મુનિ હોય. ૨૮ મૂળગુણ પાલન કરે છે. ચક્રવર્તી માન આપે તો પણ માન ન કરે. પ્રતિકૂળતા વખતે સહન કરે છે. પણ વિકલ્પથી પાર આત્માની ખબર નથી. શુભરાગ બેકાર છે. શુભ રાગરહિત આત્મામાં રમણતા, તે સત્ય ધર્મ છે. આ સાચો ધર્મ છે. હિત કોને કહે? નિમિત્ત કે પુણ્ય પરિણામ હિત છે? ના. શુદ્ધ પરિણામ હિત છે. નિમિત્ત ને પુણ્યમાં ધર્મ નથી. મારો સ્વભાવ પરમ-પારિણામિક ભાવ છે, એવા સ્વભાવના સ્વીકાર ઉપરાંત લીનતા, તે જ સત્ય ધર્મ છે. આ મુનિની વાત છે. વ્યવહાર સત્ય તો ઘણું પાળ્યું.

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો.
મનમૌન નિરોધ-સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો.
જપ ભેદ જપે, તપ ત્યોંહિ તપે, ઉર સેંહી ઉદાસી લહી સબપેં.
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મતમંડન-ખંડન ભેદ લિયે.
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસેં, કછુ ઓર રહા ઉન સાધનસે.

અનંતવાર યમ-નિયમ પાળ્યા, તે સમ્યગ્દર્શન નથી.

આત્મા એક સમયમાં સચ્ચિદાનંદ પૂર્ણ છે, એવો ભરોસો નથી. સોધક કારણભાવના ભાવે, પણ વ્યર્થ છે. પંચમહાવ્રત પાળ્યાં, અણુવ્રત, ગુરુ ધારણ કર્યાં, ઈન્દ્રિયના સંયમ અનંતવાર કર્યાં, ત્યાગ વૈરાગ ઘણીવાર કર્યા. હજારો રાણી છોડી જંગલમાં ગયો, દેહ આસન લગાવ્યા. પણ તે ધર્મની ક્રિયા નથી. નિમિત્ત ને પુણ્ય થી ભિન્નસ્વરૂપ છે, એવી દ્રષ્ટિ વિના ધર્મ નથી. "નમો અરિહંતાણં" ના જાપ જપ્યા, પુણ્ય બાંધ્યા, દેવ થયો, રાજા થયો, પૈસા મળ્યા છતાં મનમાં ભયથી ઉદાસ છે. અનંતવાર આવી ક્રિયા કરી, પણ આત્મા તેનાથી જુદો છે, એવું ભાન ન કર્યું. શરીર, પર્યાય આદિ છે, પણ તેનાથી રહિત ચૈતન્યજ્યોત છું, એવું ભાન ન કર્યું. અસલ ધર્મ ક્યો? પંચમહાવ્રતમાં લાભ માનવો, તે.

## નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે, તો શુભ રાગ ને વ્યવહાર સમકિત કહે છે.

પ્રશ્ન:- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ સમ્યગ્દર્શન છે?

સમાધાન:- નિશ્ચયનું ભાન કરે, તો વ્યવહાર સમ્યગ્દર્શન નિમિત્ત કહેવાય છે. "તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્" માં તે સમ્યગ્દર્શન નિશ્ચય છે. રાગ વિનાની શ્રદ્ધા છે. આ જીવ, આ અજીવ, એ તો રાગ છે. સમકિત એક જ પ્રકારે છે: જ્ઞાનાનંદ આત્માની શ્રદ્ધા કરવી, તે સમકિત છે. શુભ રાગ તે દોષ છે. દોષને સમકિત કહેવું, તે ઉપચાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે. નિશ્ચય સમકિત ~~સંવર~~ નિર્જરા છે. વ્યવહાર સમકિત આસ્રવ-બંધ છે. નવ તત્ત્વના પૃથક્ પૃથક્ શ્રદ્ધા કરીને રાગ-રહિત સ્વરૂપની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. જે રાગ ઊઠે છે, તે ઔદયિક ભાવ છે. રાગ સમકિત નથી. નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપના યથાર્થ ભાન વિના સમકિત થતું નથી. વ્યવહાર સમકિત નિશ્ચય સમકીતિને જ હોય છે. નિશ્ચય સમકિત સંવર-નિર્જરાનું કારણ છે. વ્યવહાર સમકિત બંધનું કારણ છે. વ્યવહાર સમકિત રાગ છે. રાગથી અરાગ કાર્ય થાય? ના. સ્વભાવના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તો રાગ પર આરોપ આવે છે. પુણ્ય પાપ અસત્ય સ્વરૂપ છે. મારા સ્વરૂપમાં નથી, એમ યથાર્થ જાણવું, તે કથન કરવું તે સત્ય ધર્મ છે.

— ૦ —

## શ્રી શૌચધર્મ

(બીજા ભાદરવા સુદ ૮. તા:૨૫-૮-૫૫)

~ ૪૦૨૦ ~ (પ્ર.પ્ર. ૧૦૨૮)

## વ્યવહાર રત્નત્રયની રૂચિ છોડી પવિત્ર જ્ઞાન-સ્વભાવમાં લીનતા કરે, તે ઉત્તમ શૌચધર્મ છે.

कांक्षाभावनिवृत्तिं कृत्वा वैराग्यभावनायुक्तः।
यः वर्तते परममुनिः तस्य तु धर्मः भवति शौचम्॥७५॥

અર્થ:- જે પરમમુનિ કાંક્ષાભાવ-ઇચ્છાને નિવર્તી અને વૈરાગ્ય ભાવયુક્ત થઈ વર્તે છે, તેને શૌચધર્મ થાય છે.

ભગવાન કુંદકુંદાચાર્યની ધર્માનુપ્રેક્ષાઓથી આ લેવામાં આવેલ છે. અહીં ચારિત્રનો અધિકાર છે. ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય. આત્મા અનંત ગુણોનો પીંડ છે. તેની દૃષ્ટિ ને તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. પુણ્ય કે નિમિત્તથી સમ્યગ્દર્શન થતું નથી. પ્રથમ ચૈતન્યદ્રવ્ય પરમ સ્વભાવભાવ છે. આત્મા ચિદાનંદ પીંડ છે. તેના આશ્રયે ચારે ગતિના સંજ્ઞી જીવ સમ્યગ્દર્શન પામે છે. નિમિત્ત-પુણ્યથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી ~~નથી~~ મુનિને પુણ્યની કાંક્ષા નથી. નિમિત્ત અનુકૂળ હો, એવી ભાવના નથી. આત્મા ચિદાનંદની દૃષ્ટિ થઈ છે. તે કારણે, ઇચ્છાની ઉત્પત્તિ થતી નથી. ચૈતન્ય સ્વભાવનું અવલંબન લઈ ઇચ્છા ન થવી, ને શાંતિની ઉત્પત્તિ થવી, તે ઉત્તમ શૌચધર્મ છે. શરીર ને પુણ્ય-પરિણામથી મુનિ ઉદાસ ~~થઈ~~ છે. હાથપગ ધોવા તે શૌચ નથી. પુણ્ય પરિણામ કે દયા-દાન-ભક્તિ-વ્રત શૌચ નથી. પુણ્ય અપવિત્ર છે. ઘણા કહે છે, કે પુણ્ય પવિત્ર કરે છે. ભાઈ, શુભ રાગ પવિત્રતાનું કારણ નથી. કેમ કે જે સંસાર બંધનમાં રાખે, તે પુણ્યભાવ-મોક્ષમાર્ગરૂપ પવિત્રતાનું કારણ કેમ થાય? આત્મામાં શીતળરસ, અકષાય ઉપશમરસ ભર્યો છે, તેની દૃષ્ટિ કરી છે, તે વીતરાગ દૃષ્ટિરૂપ શૌચ છે.

તે દૃષ્ટિ સર્વ પ્રકારના રાગનો નિષેધ કરી છે. અમુક રાગ અમુક કાળ રહો, એવી ઇચ્છા નથી. જૈનશાસન રહો, એવી ઇચ્છા નથી. એવી અનેક ઇચ્છાનો સ્વલક્ષે એકાગ્ર થવાથી અભાવ થાય છે. એ રીતે જેટલા અંશે સ્વભાવમાં એકાગ્રતા કરે, તે શૌચધર્મ છે. શુભ વિકલ્પ ઉપચારથી વ્યવહાર શૌચ છે. જગતમાં જૈન ધર્મ રહ્યો, તે આત્માની ઇચ્છાને આધીન નથી. તેથી મુનિને ઇચ્છાની નિવૃત્તિ છે. તે નિરંતર બધા પદાર્થોથી ઉદાસ છે.

"સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.
"અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોઈ જો
"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?"

શ્રીમદ્ રાજચંદ્રજી ગૃહસ્થદશામાં હતા. મુનિપણું ન હતું. પણ તે પરમેશ્વરપદની ભાવના ભાવતા હતા. અંતર રાગની ગાંઠનો નાશ થઈ,

સ્વભાવની ભાવના કરી શુદ્ધિની વૃદ્ધિ થવી, તે શૌચધર્મ છે. સ્વભાવ ચિદાનંદના ભાન વિના વ્રતાદિના શુભભાવમાં વ્યવહારધર્મનો આરોપ આવતો નથી. રાગના કણની પણ ઈચ્છા હોય, તે ભલે સર્વ આગમ જાણે. તો પણ મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાન-વ્રત-જપ-ભક્તિ હોય તો ઠીક છે. એમ માનનાર ભલે ૯ પૂર્વ અને ૧૧ અંગનો જાણકાર હોય, તો પણ તેને જ્ઞાતા સ્વભાવની અરુચિ છે. ઉત્તમ શૌચ-નિર્મળતાની ભાવના નથી, પણ રાગ-મલીનતાની જ ભાવના છે. કર્મ મંદ પડે તો મુનિ શૌચમાં વર્તે, એમ નથી. કર્મના કારણે લોભ માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે. શુદ્ધ ચિદાનંદ આત્માને છોડી વ્યવહાર રત્નત્રયની ઈચ્છા કરતા નથી. વ્યવહાર રત્નત્રય શૌચધર્મ નથી. તેની રુચિ છોડી સ્વભાવમાં લીનતા કરે, તે શૌચધર્મ છે. આત્મા આનંદકંદ છે. પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી. પુણ્યથી મને લાભ નથી. નરકની પ્રતિકૂળતા સમ્યગ્દર્શન રોકે છે, ને સમવસરણથી સમ્યગ્દર્શન થાય, એવી માન્યતા મિથ્યાદર્શન છે. સમવસરણ ને નરક બંને પરપદાર્થ છે. તેને લીધે સમ્યગ્દર્શન માનવું, તે મિથ્યાત્વશલ્ય છે. ઈચ્છાની નિવૃત્તિ અહીં બતાવે છે. મારો સ્વભાવ ઈચ્છા વિનાનો છે. આ પદાર્થ અનુકૂળ હોય તો મને લાભ થાય, એવી ભાવના મિથ્યાદૃષ્ટિને છે. કોશાની નિવૃત્તિ કરી છે. સર્વજ્ઞ ભગવાનથી લાભ, એવી ઈચ્છા નથી. લાભ મારા આનંદકંદ સ્વભાવમાં જ છે તેના અવલંબને ચારિત્ર ટકે છે. નિમિત્ત ને પુણ્યથી મારે ચારિત્ર નથી. મુનિ પોતાના પુરુષાર્થથી જ રાગનો અભાવ કરી સ્વભાવમાં વર્તે છે, તે શૌચધર્મ છે. બાહ્યમાં સમવસરણ હો કે ગણધરની વાણી હો — કોઈની ઈચ્છા નથી. સ્વ-દ્રવ્યમાં એકાગ્રતા વડે ત્રણ કષાયના અભાવરૂપ ઈચ્છાની નિવૃત્તિ થઈ. સ્વભાવમાં શુદ્ધિની વૃદ્ધિ કરે છે, તે શૌચધર્મ છે. આત્મા પોતાના અંતર પુરુષાર્થથી શૌચધર્મમાં વર્તે છે. કર્મ મંદ પડ્યું અથવા શુભ રાગથી શૌચધર્મમાં વર્તે છે, એમ કહ્યું નથી. સંયોગ કે રાગની ઈચ્છા નહિ, પણ સ્વભાવની જાગૃતિમાં રહે, તે શૌચધર્મ છે. બાકી બધું અપવિત્ર છે. મુનિઓને નિરંતર આ પવિત્ર ધર્મની પ્રાપ્તિ થાય છે. નિમિત્તની કે ઈચ્છાની ઈચ્છા કરનાર મિથ્યાદૃષ્ટિ જીવને કદી શૌચધર્મની પ્રાપ્તિ થતી નથી.

## ઉત્તમ સંયમધર્મ

(બીજા ભાદરવા સુદ ૧૦, તા. ૨૬-૯-૫૫)

આજે સંયમધર્મનો દિવસ છે. કુંદકુંદાચાર્યકૃત બાર ભાવનામાં, ધર્મભાવનામાં સંયમ સ્વરૂપ બતાવે છે. →

व्रतसमितिपालने दण्डत्यागे इन्द्रियजये।
परिणाममानस्य पुनः संयमधर्मः भवेन्नियमात्॥ ७६॥

અર્થ:- વ્રત અને સમિતિના પાલનરૂપ, દંડત્યાગરૂપ અર્થાત્ મન-વચન-કાય યોગના નિરોધ રૂપ અને પાંચ ઈન્દ્રિયોના જયરૂપ પરિણામ જે જીવને થાય છે, તેને નિયમે સંયમધર્મ છે.

**પાંચ ઈન્દ્રિયો તથા તેના વિષયનું લક્ષ છોડી અતીન્દ્રિય આનંદ પ્રગટવો, તે 'સંયમધર્મ' છે.**

સ્વામી કાર્તિકેય જેમ શ્રી કુંદકુંદાચાર્યે પણ બાર અનુપ્રેક્ષા બનાવી છે. સંયમ કોને કહે છે? આત્માના અતીન્દ્રિય અનુભવ કરીને સ્વરૂપમાં સ્થિર થવું, તે વ્રત છે. ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કરી, તેમાં લીંટાઈ જવું, લપેટાઈ જવું, સ્થિર થવું, તે વ્રત છે. શુભ વિકલ્પથી હઠી સ્વભાવમાં લીન થવું, તે વ્રત છે. સમ્યક્ પ્રકારે શુદ્ધ સ્વભાવની પ્રવૃત્તિ થવી, તે સમિતિ છે. તે અસ્તિથી છે. તે સમયે મન-વચન-કાયા તરફ ઝુકાવનો નિરોધ થાય છે, તેને મન-વચન-કાયદંડના ત્યાગરૂપ સંયમ છે. એક સમયમાં પૂર્ણ સ્વભાવ છે, તેની દૃષ્ટિ કરી, લીંટાઈ જવું, લપેટાઈ જવું, તે વ્રત અને સમ્યક્ પ્રકારે શાંતિની પ્રવૃત્તિ, તે સમિતિ છે. મૂળ સ્વરૂપના મૂળ મર્મ જાણ્યાં વિના શુભવિકલ્પરૂપ બાહ્ય વ્રત-પૂજા તો પુણ્યભાવ છે. તેની વાત અહીં લીધી નથી. આત્માનું અસલી સ્વરૂપ જ્ઞાન છે. જેમ બદામનાં ભોંજમાં કડવા લાલ ફોતરી તે બદામનું મૂળ સ્વરૂપ નથી, પણ અંદરની સફેદાઈ ને મીઠાશ મૂળસ્વરૂપ છે, તેમ શરીર કર્મ બહારની ફોતરી છે. વ્યવહાર રત્નત્રયના શુભ વિકલ્પ તે લાલ ફોતરી સમાન છે. તેનાથી રહિત શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. પીપરમાં ૬૪ પહોરી તીખાશની શક્તિ છે. ૬૪ પૈસા એટલે ૧૬ આના એટલે ૧ રૂપિયો, એટલે પૂર્ણ પીપરમાં તીખાશ ભરી છે. પીપરમાં પૂર્ણ તીખાશ અને લીલપ ભરી છે. તેમ આત્મામાં સદાય પૂર્ણ જ્ઞાનાનંદશક્તિ છે, શરીરમાં નથી. બદામમાં મીઠાશ ને સફેદાઈ છે, તેમ શરીર-મન-વાણીનો આત્મા નથી. પુણ્ય-પાપ આત્મા નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાન ને આનંદથી ભરેલ છે. તેવા સ્વભાવની દૃષ્ટિ કરી, લીન થવું તે સાચું વ્રત છે. તે સિવાય વ્રત મિથ્યા છે. સંયમ કોને કહે છે? મારા આત્મામાં નિત્ય જ્ઞાન ને આનંદ છે. તેમાં લીંટાઈ જવું, ને આનંદની પ્રવૃત્તિ થવી, તે સંયમ છે. પર તરફનો ઝુકાવ, શુભરાગમાં રોકાઈ જવું, તે સંયમ નથી. વળી, પાંચ ઈન્દ્રિયોનો જય કરવો એટલે અતીન્દ્રિયતાની પ્રાપ્તિ થવી, તે સંયમ છે.

૨૮ મૂલગુણપાલન તે આસ્રવ છે. આત્મા શુદ્ધ ચિદાનંદના આશ્રયે અભેદ સ્વભાવમાં એકાકાર થઈ પરિણમન થવું, તે સંયમ છે. ધર્મ કોને કહે છે? દશલક્ષણ ધર્મ છે. આજે સંયમ ધર્મ છે. પરને છોડવાની વાત નથી. રાગદ્વેષને છોડવો એટલું જ માને, તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રમાં નાસ્તિથી કથન આવે કે રાગદ્વેષને જીત્યા, એનો અર્થ સમ્યક્ પ્રકારે સ્વરૂપમાં સ્થિર થતાં રાગ અને ઈન્દ્રિય-જય થઈ જાય છે. આત્મા શુદ્ધ ચિદાનંદ પૂર્ણ ભરેલો છે. તેમાં એકાગ્ર થઈ, લીન થવું તે નિશ્ચય સંયમ છે. આત્મા પોતે પરિણમન કરે છે. શુદ્ધ ચિદાનંદ શક્તિઓ તે વ્યક્ત થાય છે. કર્મને લીધે સંયમરૂપ પરિણમન થતું નથી. લોકો ૨૮ મૂલગુણપાલનને સંયમ કહે છે; પણ તે સંયમ નથી કારણ કે તે રાગ-આસ્રવ છે. બંધનું કારણ છે. સં એટલે સમ્યક્ પ્રકારે ને 'યમ' એટલે અંદર જ્ઞાતામાત્રમાં સાવધાનપણે લીન થવું. તે સંયમ છે. નિર્વિકાર ચૈતન્યસ્વરૂપ છે. તે રૂપ પરિણમન થાય તે સંયમ છે.

સામાન્યપણે પાંચ ઈન્દ્રિયો અને મનના નિરોધને સંયમ કહે છે. વ્રત, સમિતિ, ગુપ્તિ તેના ભેદ છે. લોકો બહારથી દીક્ષા લઈ લ્યે, તે સંયમ નથી. અંતર અકષાય સાનાનંદ સ્વરૂપની દૃષ્ટિ નથી — અનુભવ નથી — તેને નિમિત્ત તથા રાગ તરફ ઝુકાવ હોય છે, તેથી તેઓ શુભરાગથી અને પુણ્યથી લાભ માને છે. સ્વભાવ સન્મુખ થતા નથી, તેથી તેને સંયમ હોતો નથી. ઉપદેશ કથન - અસ્તિ-નાસ્તિથી આવે છે, કે નિર્મળતાનું ગ્રહણ અને રાગાદિ મલિન પર્યાયનો ત્યાગ. પણ સ્વભાવમાં અતીન્દ્રિય આનંદરૂપે અમૃતના અનુભવસહિત પરિણમન થવું, તે 'સંયમ ધર્મ' છે.

—o—

## ઉત્તમ તપધર્મ

(દ્વિતીય ભાદ્રપદ શુદિ ૧૧. તા. ૨૭-૯-૫૫).

આજે દશલક્ષણી પર્વનો સાતમો - તપનો - દિવસ છે. ચારિત્રના દસ પ્રકાર છે. ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે. સમ્યક્‌દર્શન વિના ચારિત્ર થતું નથી. ચારિત્ર ધર્મ છે ને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. આત્મામાં ૧૦ પ્રકારની દશા પ્રગટ થવી, તે ચારિત્ર છે. તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પોતે મૂળ ધર્મ નથી. મૂળ ધર્મ ચારિત્ર છે. ચારિત્રના ૧૦ પ્રકાર છે. આજે તપધર્મનો દિવસ છે. તપ, ધર્મથી બહાર નથી. તપ એટલે મુનિપણું. તીર્થંકરના તપકલ્યાણક ઉજવાય છે. તપકલ્યાણક એટલે ચારિત્ર.

ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું મૂળ શુદ્ધ ચિદાનંદ આત્મા છે. તપ, ચારિત્ર, ધર્મ ત્રણે એકમેક છે. ચારિત્ર બાહ્ય ચીજ નથી. આત્માની નિર્વિકારી અરાગી પરિણતિ છે. ચારિત્ર એ જ ધર્મ છે. ચારિત્ર છઠ્ઠે સાતમે ગુણસ્થાને થાય છે. પ્રથમ, તત્ત્વનિર્ણયની યથાર્થતા વડે અખંડ પૂર્ણ શુદ્ધ ચિદાનંદના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તેથી ચારિત્ર થાય છે. ચારિત્ર મોક્ષનું સાક્ષાત કારણ છે. સમ્યગ્દર્શન-પરંપરા મોક્ષનું કારણ છે. લોકો બહારમાં ચારિત્ર માને છે, તે ચારિત્ર નથી.

विषयकषायविनिग्रहभावं कृत्वा ध्यानस्वाध्यायेन।
यः भावयति आत्मानं तस्य तपः भवति नियमेन॥७७॥

અર્થ:- જે પાંચઇન્દ્રિયોના વિષયો તથા ચાર કષાયોને અવરોધ-રોકી, ધ્યાન ને સ્વાધ્યાયથી આત્માને ચિંતવે છે- આત્માનો વિચાર કરે છે, તેમને નિશ્ચયે તપ થાય છે. ૭૭.

## શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધતાની પ્રતાપવંત શોભા વધે, તે તપ છે.

જે મુનિ વિષયકષાયના ભાવનિગ્રહ કરે છે. વિષય એટલે પર દ્રવ્ય. સ્પર્શ, રસ, વર્ણ, ગંધ, શબ્દ આદિ પર દ્રવ્ય છે. ભગવાનની વાણી પણ પર દ્રવ્ય છે. પરદ્રવ્ય છોડીને કષાયભાવ નિગ્રહ કરે છે. નિગ્રહ કરવો તે ઉપદેશ વાક્ય છે. આત્મા આનંદકંદ શુદ્ધ ચિદાનંદ ભેદકલ્પનારહિત છે. એવા અભેદ-સ્વરૂપ તરફ ઝુકાવ કરી ધ્યાન કરવું, કે અથવા તો ધ્યાન ન થાય તો જ્ઞાનની એકાગ્રતા વડે સ્વાધ્યાય કરવો, તે તપ છે. પર તરફનાં દ્રવ્ય અથવા પુણ્ય-પાપના ભાવની નાસ્તિ કરવી. અંતરમાં પોતે જ જ્ઞાનાનંદ શુદ્ધ શક્તિનો ભંડાર છે. તે આનંદકંદમાં એકાગ્ર ધ્યાન થાય છે, તે તપ છે. ભાવના એટલે વિકલ્પની વાત નથી. પ્રથમ આનંદકંદ આત્મા દ્રષ્ટિમાં લીધો છે. પછી અંતરમાં એકાગ્ર થાય છે, તે તપ છે. ૧૨ પ્રકારના તપમાં અનશન આદિમાં શુભરાગ હોય તો પુણ્ય છે. તે ખરેખર તપ નથી. જેમ સોનું ગેરૂથી શોભાયમાન થાય છે, તેમ આત્મા આનંદકંદ શુદ્ધ નિર્વિકારી સ્વભાવનો પીંડ છે તેમાં જેટલા અંશે રાગરહિત એકાગ્ર થઈને શુદ્ધતા ઓપીત કરવામાં આવે, તે તપ છે.

## પાંચ ઈન્દ્રિયોના વિષયનું દ્રવ્ય છોડી સ્વભાવમાં લીન થાય, તે તપ છે. બાકી લાંઘણ છે.

તપ એટલે ચારિત્ર. પરલક્ષ તથા પરલક્ષમાં વિકલ્પનો નિગ્રહ એટલે નાસ્તિ કેવી રીતે થાય? આત્મા પૂર્ણપણે રાગાદિ દોષરહિત અને અનંતગુણસહિત છે. તેમાં યથાર્થ દૃષ્ટિના બળથી લીન થાય છે, તેને ધ્યાન, ચારિત્ર અથવા તપ થાય છે. બાકીનાને તો લાંઘણ થાય છે.

विषयकषाय आहारः त्यागो यत्र विधीयते।
उपवासः स विज्ञेयं: शेषं लंघनकं विदुः॥

નિર્મળ જ્ઞાનાનંદના આલંબનમાં સાવધાન થતાં વિષય, કષાય, આહાર આદિ તથા પાંચ ઇન્દ્રિયો સંબંધી રાગનો ત્યાગ થઈ જાય છે. પાંચેય વિષયો અનુકૂળ હો કે પ્રતિકૂળ, ભગવાનની મધુર વાણી હો કે સ્ત્રીના મધુર યા કર્કશ શબ્દો હો, બહારમાં ઘોંઘાટ હો: તે બધાંનું લક્ષ છોડી અંતરમાં નિર્વિકાર જ્ઞાનમાત્રપણે એકાગ્ર થવું, તે તપ છે. આત્માની અતીન્દ્રિય શાંતિ તપ છે. તે વિના મહિનાના ઉપવાસ કરે, તે વ્યવહારે તપ પણ નથી. છ માસના ઉપવાસમાં ય તપ નથી. ત્યાં આહારના પરમાણુ આવવાના ન હતા, છતાં "મેં આહાર ત્યાગ્યો" એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. રાગની મંદતાને લીધે આહાર ન આવ્યો એમ નથી; તે તેના કારણે આવતા નથી. રાગમંદતાનું ધ્યેય રાખવું, તે તો વિષય કષાય છે. વિષય-કષાયનો ધ્યેય છોડવો, એમ શાસ્ત્રમાં નિગ્રહ કરવાનું કહ્યું, તે નાસ્તિથી છે. ધ્યેય સ્વભાવ તરફ થાય છે. એટલે કષાયનો નિગ્રહ થઈ જાય છે. તેને નિશ્ચયથી તપ થાય છે.

પ્રશ્ન:- આ નિશ્ચયની વાત છે, તો વ્યવહારનું શું?

સમાધાન:- આત્માના ભાનપૂર્વક લીનતા કરે, ત્યારે રાગ છૂટી જાય છે. ત્યાં ઉપચારથી આહાર છોડ્યો કહેવાય છે. રાગને છોડ્યો, તે પણ ઉપચાર માત્ર છે. સ્વભાવમાં લીનતા થતાં રાગ છૂટી જાય છે. રાગનો ત્યાગ તો નામમાત્ર છે. મુનિને ધ્યાન-સ્વાધ્યાય મુખ્ય છે. અંતર આનંદકંદની દૃષ્ટિ છે. નિમિત્ત, પુણ્ય ને વર્તમાન પર્યાયથી લાભ નથી. છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગી ચારિત્ર પર્યાય છે. પણ તે પર્યાયના લક્ષથી લાભ નથી. અખંડ સ્વભાવ તરફ ઝુકે છે, તેટલો લાભ છે માટે નિમિત્ત, પુણ્ય ને વર્તમાન પર્યાયનું ધ્યેય છોડી અખંડ સ્વભાવનું ધ્યેય કરી, અંતરમાં લીનતા કરવી તે ધ્યાન છે. ધ્યાન થઈ ન શકે — વિકલ્પ ઊઠે — તો દ્રવ્ય ગુણ-પર્યાયના વિચારરૂપ સ્વાધ્યાય કરે છે. સંયોગદૃષ્ટિવાળા માને છે, કે ભગવાને સાડા બાર વરસ સુધી તપ કર્યાં, તેમાં મહાકષ્ટ સહન કર્યાં, સુખે કરીને સૂતા નહિ, અન્ન કરીને ખાધા નહિ, ઠારીને પાણી ન પીધાં. આમ

અતીન્દ્રિય આનંદરૂપ સાચા તપને બદલે અજ્ઞાની ભગવાનને દુઃખદાતા ચારિત્રવાન - દુઃખી માને છે. ભગવાને મુનિદશામાં દુઃખ સહન કર્યાની બધી ખોટી વાત છે તે તેનું ઘોર અજ્ઞાન જ છે. આત્મા આનંદકંદના અતીન્દ્રિય અનુભવના ઉભરામાં ઈચ્છા જ ઉત્પન્ન નથી થતી. વર્તમાન પર્યાયરૂપ વિશેષ ઉપયોગ અખંડસ્વરૂપમાં જુડી જાય છે, તેમ તપ થાય છે. તે વખતે આહાર આદિ છૂટી જાય તો વ્યવહાર તપના કથનમાં ઉપવાસ તપ કહેવાય છે. રાગની અનુત્પત્તિરૂપ વાસ્તવિક તપ હોય તો ૧૨ પ્રકારના વ્યવહારરૂપ શુભ વિકલ્પને વ્યવહાર-તપ કહેવાય છે. અને ઉપચારથી આહાર વગેરેનો ત્યાગ કહેવાય છે.

~ o ~

## શ્રી ઉત્તમ ત્યાગધર્મ

(બીજા ભાદરવા સુદ ૧૨. તા. ૨૮-૮-૫૫).

આજે ત્યાગધર્મનો દિવસ છે. ત્યાગધર્મનું શું સ્વરૂપ છે! ચારિત્રધર્મ મોક્ષનું કારણ છે. પૂર્ણ આનંદની નિર્મલ દશા મોક્ષ છે. તેનું નજીક કારણ વીતરાગી અવસ્થા છે. તેના ૧૦ ભેદ છે. દુનિયા સ્ત્રી, ધન, મકાન વગેરેનો ત્યાગ કરવા કહે છે, તે સાચો ત્યાગ નથી. કારણ કે તે પરદ્રવ્યો પરથી છૂટા જ છે. તારાથી ત્યાગરૂપે જ છે. સાચો ત્યાગ કોણ કરે છે, તે નીચે બતાવે છે.

निर्वेगत्रिक भावयति मोहं त्यक्त्वा सर्वद्रव्येषु।
यः तस्य भवति त्यागः इति भणितं जिनवरेन्द्रैः॥७८॥

અર્થઃ- જિનેન્દ્રોએ કહ્યું છે, કે જે સર્વ પરદ્રવ્યથી મોહ તજી, સંસાર, દેહ અને ભોગ પ્રત્યે ઉદાસી પરિણામ રાખે છે, તેને ત્યાગ ધર્મ થાય છે.

<u>અકષાય આનંદસ્વરૂપ આત્માના ઊંચે સ્થાને બેસીને આનંદનો ભોગવટો કરે છે. તે વિકારથી ખસ્યો છે, તેથી ઉદાસીન અથવા તો ત્યાગી છે.</u>

દેવાધિદેવે એમ કહ્યું છે, કે આ આત્મા સિવાય અન્ય સર્વ આત્મા, શરીર, કર્મ વગેરે સર્વ પદાર્થ ભિન્ન છે, એવી જ દૃષ્ટિ કરવી. પરપદાર્થમાં સાવધાનીપણું, અહંપણું, મારાપણું છોડવું. આ આત્મા સંસાર, શરીર ને ભોગરહિત છે. એવી સમ્યક્ ભાવનાપૂર્વક જ્ઞાનાનંદમાં એકાગ્રતા કરવી, તે ત્યાગ ધર્મ છે. વિકારી પર્યાય સંસાર છે. પરપદાર્થ પ્રત્યે લોલુપભાવ તે સંસાર છે. આમ, સંસાર દેહ ને ભોગમાં સંસાર આવી જાય છે. સંસાર એટલે ચાર ગતિની

ભાવના તે વિષમ ભાવોથી ઉદાસ થઈ ચિદાનંદ આત્માની ભાવના ભાવવી, તે નિર્વેદ છે. તે નાસ્તિ કથન છે. હું શુદ્ધ ચિદાનંદ છું. એમ સ્વરૂપસન્મુખ થવું, તે નિશ્ચય છે – સંવેગ છે – તે અસ્તિ છે. આમ ભાવના કરી સ્વભાવમાં લીન થવું, તે સંવેગ છે. સ્વભાવમાં સાવધાની-ઉત્સાહરૂપ સંવેગ છે, અને વિભાવથી નાસ્તિ કરવી, તે નિર્વેદ છે. ગાથામાં નિર્વેદ શબ્દ છે. બહારના પદાર્થો છોડવાને ત્યાગ કહેવો એ સંયોગની વાત અહીં નથી. સંસાર, દેહ અને ભોગથી ઉદાસ કરવું, તે નિર્વેદ છે. સ્વભાવમાં એકાકાર થવું તે સંવેગ છે. ને વિભાવથી નાસ્તિરૂપ પરિણમન થવું તે નિર્વેદ છે. ભોગથી ઉદાસ અને આત્માના આનંદના અનુભવમાં લીન, સંસારથી ઉદાસ ને સ્વભાવમાં લીન, દેહથી ઉદાસ ને અકાયમાં લીન થવું, તે ધર્મ છે. રાગ થયા પછી ઉદાસ થવું, એમ પણ નહિ. પ્રથમથી જ અરાગ સ્વભાવના આલંબનથી રાગની ઉત્પત્તિ ન થવી, સ્વભાવમાં લીનતારૂપ પરિણમન થવા, તે ત્યાગધર્મ છે.

બાહ્ય દૃષ્ટિવાળાને મુનિપણાની ખબર નથી. દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની પણ ખબર નથી. દ્રવ્યદૃષ્ટિ તે નિર્વિકારી સ્વભાવના આશ્રયે થતી સમ્યગ્દર્શનરૂપ નિર્મળ પર્યાય છે. તેનો વિષય પૂર્ણ અખંડ દ્રવ્યસ્વભાવ છે. સંસારથી ઉદાસ, એટલે સ્વભાવમાં લીન થતાં સંસારથી ઉદાસ થયો કહેવાય છે. અસંગ તત્ત્વદૃષ્ટિ દ્વારા અકાય સ્વભાવમાં લીન થતાં દેહથી ઉદાસ થયો કહેવાય છે. સ્વભાવમાં આનંદના ભોગવટામાં લીન થતાં પરના ભોગનો ભાવ ઉત્પન્ન થતો નથી તે ભોગથી ઉદાસ થયો કહેવાય છે. ઉદાસીન = ઉદ્ + આસીન. ઊંચે આસને બેસવું. શુદ્ધ ચિદાનંદ સ્વભાવના સિંહાસનમાં બેસવું ને વિકારથી ખસવું, તે ઉદાસીનતા અથવા ત્યાગધર્મ છે. પોતાનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટાથી ભરેલો છે, તેમાં એકાકાર થવું. સમ્મેદશિખર, ગિરનાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, સમયસાર, ષટ્ખંડ આગમ પરદ્રવ્યથી ઉદાસ થઈ, પરની ઉપેક્ષા કરી, સ્વભાવમાં લીન થવું, તેને ત્યાગધર્મ કહે છે. પ્રશ્ન:- જેણે      છોકરા છોડ્યા, માટે તેઓ ગૃહસ્થ કરતાં ઉત્તમ છે ને? ના. તેઓ પણ સારા નથી, કારણ કે મૂળદૃષ્ટિ જ ખોટી છે. તીર્થંકરના સમવસરણમાં તેની સંયોગની દૃષ્ટિ લઈને અનંતવાર ગયો. સાક્ષાત્ ઘણીવાર મળ્યા, પણ જગતના અભિપ્રાય દેખી આ જ્ઞાન છે, એમ નક્કી કર્યું, પણ પોતાના જ્ઞાનસ્વભાવથી નક્કી નથી કર્યું. બાહ્ય પદાર્થો પરદ્રવ્ય છે. વિકાર પણ પરદ્રવ્ય છે. તે વાસ્તવિક સ્વરૂપ નથી. મોહ એટલે પર તરફની સાવધાની-પરસન્મુખ જાગૃતિ છોડી સ્વભાવની જાગૃતિ કરવી, તે ત્યાગધર્મ છે.

~~ ૪૦૨૯ ~~ (પ્ર.પ્ર. ૧૦૩૬)

પ્રશ્ન:- જેટલું છોડે એટલો ત્યાગ ખરો ને? જેમકે નાહ્યા એટલું પુણ્ય

સમાધાન:- ના. પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કોઈ જીવ કરી શકતો નથી. પરદ્રવ્યની ઉપેક્ષા ને સ્વ સન્મુખતા વડે સ્વ દ્રવ્યની અપેક્ષા કરવી તે ત્યાગધર્મ છે. ઉપેક્ષા એટલે દ્વેષ નહિ. પરદ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ નથી. છતાં જો ભાગલા પાડવા, તે મિથ્યાત્વ છે. નરક, સ્ત્રી કે ગમે તે હો; તે પરદ્રવ્ય છે. તે સર્વ પ્રત્યે ઇષ્ટ અનિષ્ટ વૃત્તિ ન થવા દેવી અને જ્ઞાતાસ્વભાવમાં એકાગ્ર થાય, તે ત્યાગધર્મ છે. મુનિઓને શુભ રાગ ઊઠે છે. પણ તે શુભરાગથી ઉદાસ છે. સ્વભાવથી અસ્તિરૂપ છે, ને રાગ તથા શરીરની નાસ્તિરૂપ પરિણામ સહાય છે. દરેક જીવને વિહાર આદિની ક્રિયા શરીરના કારણે થાય છે. જ્ઞાનીને તેમાં કિંચિત્ કર્તૃત્વ મમત્વ નથી. અલ્પ રાગ થવા છતાં સ્વભાવનું પરિણમન મુખ્યપણે સહાય થાય છે. મુનિને નિદ્રા જો થોડી આવે, એથી વધારે ન આવે. વધારે નિદ્રા આવે તો પાંચમું ગુણસ્થાનક આવી જાય. અથવા છઠ્ઠા ગુણસ્થાનક જેટલો કાળ ભોગવે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં હોય, તે વખતે રાત્રિના ત્રીજા પ્રહરમાં અલ્પ નિદ્રા આવે છે. વારંવાર સાતમું ગુણસ્થાન આવે છે. ભાવલિંગી સંતને ત્રણ કષાયના અભાવરૂપ ત્યાગધર્મ હોય છે. સર્વજ્ઞ ભગવાને છઠ્ઠા ગુણસ્થાનકનો જેટલો ઉત્કૃષ્ટ કાળ જોયો, તેટલો કાળ મુનિ નિદ્રા લે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. પણ તેથી ઓછાકાળમાં નિદ્રા લે ને વળી સાતમે ગુણસ્થાનકે આવે છે. જો કલાક નિદ્રા લે, તો મુનિપણું ન રહે. છઠ્ઠાના કાળથી થોડો કાળ નિદ્રા લે, પછી તુર્ત જ સાતમું ગુણસ્થાનક આવે છે. આવું મુનિપણું છે.

દરેક મુનિને ત્રણ કષાયનો અભાવ હોય છે. સંજ્વલન કષાયરૂપ અલ્પ રાગ આવે છે. શાસ્ત્ર, સ્વાધ્યાય આદિનો વિકલ્પ આવે છે; પણ નિદ્રા વધારે કાળ આવે. પોતાના પરિણામ મંદ છે, એમ જાણી લે, તો પંચમ ચોથું ગુણસ્થાનક રહે. પણ એવું ભાન ન રહે, તો દૃષ્ટિ ખોટી થાય — પહેલું ગુણસ્થાનક આવી જાય. મુનિને તો સ્વભાવસન્મુખ વારંવાર નિર્વિકલ્પ દશા આવે છે, માટે તેને ત્યાગધર્મ વર્તે છે. આવું વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ. આવા ભાન વિના મુનિપણું માની લે, તો તેને ત્યાગધર્મ નથી. પણ સ્વધર્મ ત્યાગરૂપ અધર્મ છે.

~ o ~

## ઉત્તમ આકિંચન્યધર્મ

(બીજા ભાદરવા સુદ ૧૩; તા ૨૯-૯-૫૫)

→ આગળ

આજે ઉત્તમ આકિંચન્ય ધર્મનો - નવમો દિવસ છે. ધર્મ ચારિત્ર છે. આત્માના ચારિત્રગુણની નિર્મળ પર્યાય થવી, તે ચારિત્ર છે. ચારિત્રના દશ ભેદ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છે તેના ચારિત્રગુણની નિર્મળતારૂપી પર્યાય તે નિર્મળ ધર્મ છે. આ નિર્મળ પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે; બાહ્ય ક્રિયાકાંડના આશ્રયે આત્માની આવી નિર્મળ પર્યાય નથી થતી.

भूत्वा च निस्सङ्गः निजभावं निगृह्य सुखदुःखम् ।
निर्द्वन्द्वेन तु वर्तते अनगारः तस्याकिञ्चन्यम् ॥ ७९॥

અર્થ:- જે મુનિ સર્વ પ્રકારના પરિગ્રહથી નિઃસંગ થઈ, સુખદુઃખદાયક કર્મજનિત નિજભાવને રોકી, નિર્દ્વંદ્વતાથી અર્થાત્ સુખદુઃખરૂપ, માન અપમાનરૂપ દ્વંદ્વરહિત થઈ - સમભાવી થઈને વર્તે છે. તેને આકિંચન્ય ધર્મ છે.

## અતીન્દ્રિય સ્વભાવના આશ્રયે વિકારનું દ્વંદ્વપણું છૂટી અતીન્દ્રિય આનંદમાં વર્તવું, તે આકિંચન્ય ધર્મ છે.

કોને આકિંચન્ય ધર્મ થાય છે? જેને બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ, વસ્ત્ર-પાત્ર આદિનો સંગ છૂટી ગયો હોય, તે મુનિ છે. બાહ્ય પરિગ્રહ નથી માત્ર શરીર હોય છે. અકષાયના આલંબનવડે અનંતાનુબંધ, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન એ ત્રણ કષાય ટળી ગયા છે, તે મુનિ છે. ચિદાનંદ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતા કરી અંદર ઠરે છે, અને વિકારીભાવ, સદ્ભાવ ને દ્વંદ્વભાવ ટળે છે. આત્મા અતીન્દ્રિય પદાર્થ છે- તેની દૃષ્ટિ કરી લીન થાય છે, ને સંગ છૂટી જાય છે. મુનિને પ્રથમથી જ બાહ્યમાં વસ્ત્ર-પાત્રનું આલંબન છૂટી જાય છે. પછી વીતરાગતા વડે અંતરમાં ઉગ્ર આનંદ થાય છે. પરમાં પર, ક્ષેત્ર, કાળ અને પરભાવમાં સુખદુઃખ નથી, એવી દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાનકથી હોય છે. પણ ગૃહસ્થદશા સુધી અલ્પ આસક્તિભાવ થાય છે, તે દુઃખદાયક છે. મુનિદશા થતાં તો આસક્તિ રોકે છે. રોકે છે, એ નાસ્તિથી કથન છે. સ્વભાવમાં સ્થિર થતાં વિભાવ રોકાય છે કોઈપ્રત્યે ઈષ્ટ- અનિષ્ટની માન્યતા તો નથી, પણ ઈષ્ટ અનિષ્ટના વિકલ્પરૂપ અસ્થિરતા પણ મુનિને નથી. સ્વ સન્મુખતા આપણો સાવધાન રહે છે, તેથી દ્વંદ્વ ઉત્પન્ન થતાં નથી. એનું નામ માન અપમાન, પુણ્ય-પાપના દ્વંદ્વ રોકે છે, એમ જાણવું. અંતરની વાત છે. બાહ્યમાં નિમિત્ત છૂટી જાય છે. રાગનો કણ માત્રમાં નથ રજકણનો સંબંધ નથી. અંતરસ્વભાવમાં લીનતા કરી અંતર ઠરે છે.

ત્યાં સુખદુઃખની કલ્પના જે સુખગુણની ઊલટી અવસ્થા છે, તેનો નિગ્રહ થઈ જાય છે. મારામાં શરીર, કર્મ તેમ જ પુણ્ય પાપના વિકલ્પ નથી, એવા જ્ઞાનસહિત સ્વભાવમાં વર્તે છે. કર્મ-મંદતાને લીધે વર્તે છે, એમ નથી. પોતાના પુરુષાર્થથી અંતરમાં સ્વભાવના આશ્રયે વર્તે છે. મુનિને પાંચ ઇન્દ્રિયોનો ફેલાવ નથી. દેહ માત્ર નિર્મમપણું છે. સ્વભાવમાં સ્થિરતાદ્વારા અતીન્દ્રિય આનંદમાં વર્તે તે અનગાર છે. પુણ્ય પાપ, સુખદુઃખની કલ્પના પ્રથમ ધર્મધ્યાનના સરાગભૂમિકાના વિચારવડે ભેદ પડે છે, તો તેને છોડી અંતરમાં નિશ્ચલ કરે છે, તે અણગાર છે. બાહ્યમાં વસ્ત્રાદિ નિમિત્ત હોતાં નથી અભ્યંતર રાગ ને મનનો સંગ છૂટી જાય છે. એ રીતે અતીન્દ્રિય આનંદમાં વર્તવું તે આકિંચન્ય ધર્મ છે. આવો પ્રથમ નિર્ણય ન કર્યો તો શું કામનું? રાગ અને નિમિત્તની અપેક્ષા વિનાનો છું પરથી ને રાગથી જુદો છું, એવી નિરાલંબી નિઃસંગ દૃષ્ટિ ન કરી હોય, તેને નિઃસંગપણું આવતું નથી. સમ્યગ્દૃષ્ટિને પોતાની પર્યાયમાં ચારિત્રના દોષથી સુખદુઃખની લાગણી થાય છે. નિમિત્ત ઉપર લક્ષ જાય છે. ઝુકાવ કઈ બાજુ કરવો, તે તારા લક્ષની વાત છે. સ્વભાવ સન્મુખ થઈ, એકાકાર આનંદનો અનુભવ કરવો તે આકિંચન્ય ધર્મ છે. એક ધર્મ સમજે, તો બધા વાત આવી જાય છે.

—o—

## શ્રી બ્રહ્મચર્યધર્મ

(બીજા ભાદરવા સુદ ૧૪. તા. ૩૦-૯-૫૫)

આજે દશલક્ષણીપર્વનો છેલ્લો દિવસ છે. આ દિવસને અનંત ચતુર્દશી કહે છે. આ દિવસ ઉત્તમ બ્રહ્મચર્યધર્મનો છે. દશે ધર્મ એક સાથે જ હોય છે. તે ચારિત્રના ભેદ છે. મુનિની વાત છે. તેમાં દર્શન, જ્ઞાન ને સ્થિરતા આવી જાય છે. ચારિત્રના ભેદમાં બ્રહ્મચર્ય પણ છે. ચારિત્રમાં પહેલાં સમ્યગ્દર્શન હોવું જોઈએ. સર્વાંગ શુદ્ધ આત્મા છે, એવા ભાન વિના સાચું બ્રહ્મચર્ય હોતું નથી. સર્વાંગ આત્મા અસંગ છે, એવી પવિત્ર દૃષ્ટિ વિના ચારિત્ર થતું નથી. સ્વરૂપાચરણ ચારિત્રરૂપ બ્રહ્મચર્ય ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે.

सर्वाङ्गं पश्यन् स्त्रीणां तासु मुञ्चति दुर्भावम्।
स ब्रह्मचर्यभावं सुकृती खलु दुर्द्धरं धरति ॥८०॥

અર્થઃ— જે પવિત્ર આત્મા સ્ત્રીઓના સર્વાંગોને જોઈને તેમાં ખરાબ પરિણામ કરવાનું છોડે, તે જ દુઃસાધ્ય બ્રહ્મચર્યને ધારણ કરે છે. ૮૦.

~ ૪૦૩૧ ~ (પ્ર.પ્ર.૧૦૩૯)

## સર્વાંગ આત્માને દેખનાર મુનિ સ્ત્રીના અંગને પણ પર-પ્રકાશક જ્ઞાનના જ્ઞેય તરીકે જાણી લે છે.

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. સુકૃતિ (પવિત્ર) આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરી છે, તેનું કાર્ય પવિત્ર છે. ઉત્તમ બ્રહ્મચર્યપાલન કરનારને સુકૃતિ કહ્યો છે. આત્મા શરીર મન વાણીરૂપ નથી. પુણ્યના ભાવરૂપ નથી. નિત્ય અખંડ પૂર્ણાનંદ શુદ્ધ સ્વભાવ છે. આમ, સર્વાંગ સ્વભાવને દેખે છે, તે બ્રહ્મચર્ય છે. સ્વરૂપ આનંદનિધિ દેખે છે. હું અતીન્દ્રિય આનંદનો ભંડાર છું, એવી દૃષ્ટિપૂર્વક અંતર લીનતામાં એકાગ્ર થાય છે, તેવા પવિત્ર બ્રહ્મચારી ધર્માત્માની દશા કેવી હોય છે? રાગપૂર્વક સ્ત્રીના અંગો દેખે નહિ. છતાં કોઈપણ અંગ દેખવાનું બની જાય, છતાં સર્વાંગ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સન્મુખ થયો છે. સર્વાંગ પૂર્ણ જ્ઞાતા સ્વભાવને દેખે છે. ~~તેને સ્વ-પર પ્રકાશક~~ જ્ઞાન પ્રગટ્યું છે ~~તેમાં સ્ત્રીના અં~~ અંગ પણ પર પ્રકાશક જ્ઞાનમાં ~~આવી જાય~~ છે. દેખાઈ જવું તે રાગનું કારણ નથી. પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપની નિધિ દેખતા પોતે સ્વ-જ્ઞેય પણે પૂર્ણ શક્તિનો પિંડ છું, એમ દેખે છે. હું ~~સર્વજ્ઞ સ્વભાવી~~ છું, એમ પૂર્ણ રીતે જાણે છે. સર્વજ્ઞ સ્વભાવને સ્વીકારનાર જ્ઞાનમાં ~~સ્વ-પર પ્રકાશક શક્તિ પ્રગટી છે તેમાં~~ પર-પ્રકાશકમાં સ્ત્રીના અંગો જ્ઞેયપણે દેખાઈ જાય, છતાં જ્ઞાતાદૃષ્ટિ સ્વભાવ ~~સ્વ-પ્રકાશકપણું~~ ન છોડે. હું ચિદાનંદ જ્ઞાતાસ્વભાવ છું. એવી દૃષ્ટિ અને સ્થિરતા રાખીને સ્વને જ્ઞાતા તરીકે દેખે છે. પોતાના અસ્તિત્વમાં પરને દેખવાનું બને છે, છતાં એકાંત એકે જ્ઞેય પૂરતું જ્ઞાન નથી. જુઓ, બ્રહ્મચર્યની વ્યાખ્યા. મુનિ સ્વ પર જ્ઞેયોના જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાન તેના સ્વકાળે જ્ઞાનની સ્વચ્છતાને જાણે જ છે; તેમાં આવા જ્ઞેયને દબાવું. એવી કુબુદ્ધિ નથી. પરમાં એકત્વબુદ્ધિ મેં પૂર્વે કરી હતી. હવે સ્વ પ્રકાશકમાં પર પ્રકાશક તરીકે જાણે છે. હું ચિદાનંદસ્વરૂપ છું, એવું ભાન થવાથી ઝઘડા મટી ગયા. હું બ્રહ્માનંદ જ્ઞાયકસ્વરૂપ છું, એવી દૃષ્ટિ અને સ્થિરતાસહિત પોતાને દેખે છે. છદ્મસ્થ મુનિને કહી જ્ઞાનમાં સ્ત્રીના સર્વાંગ દેખવામાં આવે ને કેવળીને લોકાલોક દેખવામાં આવે તો શું રાગ થતો હશે? સ્ત્રીના અંગો જોઈ તેમાં બૂરા પરિણામ કરવાનું છોડે છે. જેમ ત્રિલોકનાથ પરજ્ઞેયોને પર જ્ઞેય તરીકે દેખે છે, તેમ વિષ્ટા હો કે પુષ્પ હો, અથવા સ્ત્રીના અંગો હો. બધાને પરજ્ઞેય તરીકે દેખે છે. રાગની ઉત્પત્તિ થતી નથી. પર અસ્તિત્વના કારણે દેખે છે? ના. સ્વ-અસ્તિત્વમાં સ્વ-અસ્તિત્વના કારણે દેખે છે.

## સર્વાંગ જ્ઞાનસ્વભાવમાં રમવું, તે બ્રહ્મચર્ય છે.

વળી, બૂરા પરિણામ કરવાનું છોડે છે, એ ઉપચારનું કથન છે. અંતર-સ્વભાવમાં લીનતા થતાં રાગ ઉપજતો જ નથી, એનું નામ છૂટી જાય છે. શાસ્ત્રનો મર્મ જ્ઞાનીના હૃદયમાં છે. અજ્ઞાનીને મિથ્યાત્વનું ઝેર ચડી ગયું છે. તેમાં એકે શબ્દ સાચો નથી. છદ્મસ્થનાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનની એવી જ તાકાત છે. તેમ તે કાળે તેમ દેખે છે. વળી, આ સમયે બૂરા પરિણામ થયા ને તેને છોડવા, એમ નથી. અરાગી સ્વભાવમાં લીનતા થતાં અરાગ ભાવની ઉત્પત્તિ થાય છે, તે બ્રહ્મચર્ય છે. સમયસારના કળશમાં સમ્યગ્દૃષ્ટિને સુકૃતિ કહેલ છે. અંતરાત્મા પવિત્રાત્મા કહ્યો છે. બ્રહ્મચર્ય એટલે આત્મામાં રમવું તે. વીતરાગ દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતાવડે રમવું તે. આત્માના અનંત ગુણોને દેખી જ્ઞાતા દૃષ્ટા થઈ અંતર દેખે છે. તે અનંત ચતુષ્ટય પોતામાં છે. સમ્યગ્દૃષ્ટિને જ સાચું બ્રહ્મચર્ય છે. એ રીતે ચિદાનંદ સ્વભાવના ભાન વિના કોઈને ત્રણકાળ સાચું બ્રહ્મચર્ય નથી.

પ્રશ્ન:- સ્ત્રીના અંગોપાંગ ન દેખવા ને પૂર્વના ભોગ યાદ કરવા નહીં; એમ શા માટે કહ્યું છે?

સમાધાન:- ત્યાં નિષેધ કર્યો છે, તે રાગબુદ્ધિથી દેખવાનો નિષેધ છે. મોહ ઉત્પન્ન કરવાનો નિષેધ છે. દેખવાનો નિષેધ કરો, તો પોતાના જ્ઞાનનો નિષેધ થઈ જાય છે. જ્ઞેયરૂપે ભગવાનને દેખો કે સ્ત્રીને. બંને એક જ જ્ઞેય છે. કેવળી ભગવાન સર્વાંગ પદાર્થોને પૂર્ણ રીતે ઈચ્છા વિના માત્ર જાણે છે. તેમ રાગ નથી. તેમ સમ્યક્‌દૃષ્ટિ પણ નિમિત્ત અને રાગ લાભકાર નથી, એવા ભાનસહિત સ્થિરતા સહિત જાણે છે. અને એવા ભાનવાળા મુનિ અંતર લીનતા કરે છે, તે ઉત્તમ બ્રહ્મચર્ય છે. આવા સમ્યગ્દૃષ્ટિ મુનિ દુઃસાધ્ય બ્રહ્મચર્યને આનંદસહિત ધારણ કરે છે. પોતાની પર્યાય સ્વભાવના આશ્રયે ટકાવી રાખે છે, તે સમ્યક્ પુરુષાર્થ ઉત્તમ બ્રહ્મચર્ય છે.

श्रावकधर्मं त्यक्त्वा यतिधर्मे यः हि वर्तते जीवः।
सः न च वर्जति मोक्षं धर्ममिति चिन्तयेत् नित्यं ॥८१॥

અર્થ:- જે, શ્રાવક ધર્મ છોડી યતિધર્મ આચરે છે, તે મોક્ષને છોડતો નથી. અર્થાત્ મોક્ષ મેળવે જ છે. એમ ધર્મભાવનાનું સદા ચિંતવન કરવું જોઈએ.

## મુનિધર્મ આચરનાર મોક્ષ મેળવે જ છે.

આચાર્ય ભગવાન સમાપ્તિ કરે છે. મેં સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રધર્મની વાત કરી. શ્રાવક ધર્મ પંચમ ગુણસ્થાનકની પર્યાયને છોડી

સ્વભાવના ઉગ્ર આલંબનના બળવડે ચારિત્રધર્મ પ્રગટ થયો છે, તેની વાત કરે છે. સ્વભાવમાં વિશેષ એકાગ્ર થતાં શ્રાવક ધર્મની અલ્પ પર્યાય છૂટી જાય છે. યતિ એટલે ચિદાનંદ સ્વભાવની - યતના કરે છે દ્રવ્યસ્વભાવ પોતાની પર્યાયમાં વર્તે છે. કોઈ નિમિત્તથી ને રાગથી વર્તે છે, એમ નથી. જે મુનિધર્મમાં વર્તે છે, તે મોક્ષને છોડતો નથી. એટલે મોક્ષ નથી થતો એમ નથી. પણ આવા ચારિત્રવાળાને નિશ્ચય મોક્ષ થાય જ છે. શ્રાવક ધર્મમાંથી મોક્ષ નહીં થાય. ચોથા-પાંચમા ગુણસ્થાનકની દશા સાક્ષાત મોક્ષનું કારણ નથી. પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકના ચારિત્ર-મોક્ષનું કારણ છે. તેથી મુનિ અલ્પકાળમાં જ મોક્ષ જાય છે. એમ ધર્મભાવનાનું સદા ચિંતવન કરવું જોઈએ.

ભાવાર્થ:- શ્રાવક ધર્મ છોડી સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સમ્યક્ ચારિત્રરૂપ મુનિધર્મ અંગીકાર કર્યા પછી સાક્ષાત મોક્ષ થાય છે.

निश्चयनयेन जीवः सागारनगारधर्मतः भिन्नः।
मध्यस्थभावनया शुद्धात्मानं चिन्तयेत् नित्यम्॥ ८२॥

અર્થ:- જીવ નિશ્ચયનયે શ્રાવકધર્મ અને મુનિધર્મથી ભિન્ન છે. માટે માધ્યસ્થ ભાવ-રાગદ્વેષરહિત પરિણામોથી શુદ્ધાત્મા - સમયસારનું જ સદા ધ્યાન કરવું જોઈએ. ૮૨.

## શ્રાવક ને મુનિ પર્યાયના ભેદનું લક્ષ છોડી અભેદ જ્ઞાયક સ્વભાવનું ધ્યાન કરવું.

શ્રાવક અને મુનિધર્મ બંને પર્યાય છે. ભેદ છે. પર્યાય-ધર્મ છે. દ્રવ્યધર્મ નિત્ય શુદ્ધ ચિદાનંદ સ્વભાવપૂર્ણ છે. એ નિશ્ચય છે. માટે રાગદ્વેષરહિત માધ્યસ્થ પરિણામોથી શુદ્ધાત્મા - સમયસારનું જ સદા ધ્યાન કરવું જોઈએ. ચારિત્ર પર્યાયનું ધ્યાન ન કરવું. કેમ કે તે તો એક સમયની પર્યાય છે. સમયસારની છઠ્ઠી ગાથામાં - "હું અપ્રમત્ત-પ્રમત્ત નથી, પણ જ્ઞાયક છું" એમ સ્વભાવનો આશ્રય કરવા કહેલું. અને પાંચમા છઠ્ઠા ગુણસ્થાનકની પર્યાય મારી નથી. પર્યાયના લક્ષે રાગ થાય છે, તેથી પર્યાયનું ધ્યાન કરવા ના પાડી ભૂતાર્થ એકરૂપ શુદ્ધ સ્વભાવનું ધ્યાન કરવા કહ્યું છે. રાગદ્વેષરહિત પરિણામોથી શુદ્ધાત્મા - સમયસારનું જ સદા ધ્યાન કરવું જોઈએ.

## સર્વાંગ બ્રહ્મચારી શ્રી સદ્ગુરુદેવનો જય હો!

પ્રકાશક:- શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રચાર
કાર્યાલય સોનગઢ વતી શ્રી અમૃતલાલ-ન. શેઠ.